| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૦૩<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રીમતી ડૉ.દર્શિતાબેન શાહ–રાજકોટ પશ્ચિમ |
|---|---|
| પ્રશ્ન–૨ | સરકાર દ્વારા રસ્તાને પહોળો કરવા માટેના માપદંડ કયા છે તથા અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કારણે ગુજરાત રાજયના કયા મહત્વના ઔદ્યોગિક, ધાર્મિક, પ્રવાસન સ્થળોને આર્થિક પ્રવૃતિમાં ફાયદો થશે ? |
| જવાબ–૨ | ➢ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આઇ.આર.સી.ની ગાઇડ લાઇન અને તેના સ્ટાન્ડર્ડ મુજબ તથા રસ્તાની ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક ઉપાર્જન વગેરે પરિમાણોને ધ્યાને લઇ રસ્તાને પહોળો કરવા માટેની કાર્યવાહી હાથ ધરે છે.<br>➢ રસ્તા પરના વાહનોની સંખ્યાને પેસેન્જર કાર યુનીટ એટલે કે પી.સી.યુ. માં રૂપાંતર કરી તેને આઇ.આર.સી.ના માનાંકો મુજબ તથા ટ્રાફીક માટે આપવામાં આવતી લેવલ ઓફ સર્વીસને ધ્યાને લઇ નીચે મુજબ પી.સી.યુ. હોય તે મુજબ રસ્તાની પહોળાઇ વધારવાનુ નકકી કરવામાં આવે છે.<br>▪ ટ્રાફીક પ્રતિ દિવસ ૧૦૦૦૦ પી.સી.યુ. હોય ત્યાં સુધી દ્વીમાર્ગીય (૨ લેન રસ્તો) ટ્રાફીક અનુસાર યોગ્ય ગણાય છે.<br>▪ ટ્રાફીક પ્રતિ દિવસ ૧૦૦૦૦ થી ૬૦૦૦૦ પી.સી.યુ. હોય ત્યાં સુધી ચારમાર્ગીય (૪ લેન રસ્તો) ટ્રાફીક અનુસાર યોગ્ય ગણાય છે.<br>▪ ટ્રાફીક પ્રતિ દિવસ ૬૦૦૦૦ થી વધુ પી.સી.યુ. હોય ત્યાં છ–માર્ગીય (૬ લેન રસ્તો) ટ્રાફીક અનુસાર યોગ્ય ગણાય છે.<br>➢ હાલમાં અમદાવાદ–રાજકોટ રસ્તા પર બગોદરા ટોલ પ્લાઝા પાસે પ્રતિ દિન સરેરાશ ૬૪૩૪૮ પી.સી.યુ. તથા બામણબોર ટોલ પ્લાઝા પાસે પ્રતિ દિન સરેરાશ ૬૨૮૭૭ પી.સી.યુ. છે.<br>➢ ઉપર મુજબની વિગતોને ધ્યાને લઇ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭ માં અમદાવાદ–રાજકોટ રસ્તાને છ–માર્ગીયકરણ કરવાનુ આયોજન કરેલ.<br>➢ અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કારણે ગુજરાત રાજયના મહત્વના રાજકોટ અને જામનગર જેવા ઔદ્યોગિક તથા સોમનાથ, દ્વારકા જેવા ધાર્મિક અને જુનાગઢ, સાસણ, દિવ જેવા પ્રવાસન સ્થળોને આર્થિક પ્રવૃતિમાં ફાયદો થશે. |